આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-29-03-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# લોકસભા ચૂંટણી - જાહેરનામુ

લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકો માટેનું જાહેરનામું ગઈકાલે બહાર પડ્યું છે. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

દરમિયાન, લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. લોકસભાની 102 બેઠકો માટે 30મી માર્ચે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ આ બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ – મતદાન જાગૃતિ

ચૂંટણી પંચ દ્વારા દેશમાં મતદાન જાગૃતિ અંગે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

દેશનું ચૂંટણી પંચ પણ ડિજિટલ ટેકનોલોજી આધારિત વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને મતદારોને સુવિધાઓ આપવા તેમજ મતદારોની સમસ્યાઓનું સમાધાન કરીને મતદાન અંગે જાગૃતિ ફેલાવવા અંગે સતત પ્રયાસરત છે. વોટર હેલ્પલાઇન એપ, સી-વીજીલ એપ જેવી દિવ્યાંગજનો માટે સક્ષમ એપ ખાસ ડિઝાઈન કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## ગૌણ સેવા પસંદગી મંડળ - પરીક્ષા

રાજ્યમાં આગામી શનિવાર અને રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા યોજાશે. જેમાં સવારે 9 થી 12 અને બપોરે 2થી 5 દરમિયાન પ્લાનિંગ આસિસ્ટન્ટ, ગ્રાફિક ડિઝાઇનર અને સર્વેયર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટે કેટલાક પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. જેમાં પરીક્ષા કેન્દ્રની અંદર મોબાઈલ ફોન, ઇલેક્ટ્રીક ઉપકરણો ન લઈ જવા, 100 મીટરના અંતરમાં  ઝેરોક્ષ મશીન ચાલુ ના રાખવું તેમજ લાઉડ સ્પીકર ન વગાડવા જેવા આદેશ જાહેર કરાયા છે.

**RNU અમદાવાદ**

---

## પી.એચ.ડી. નોટીફિકેશન

દેશની તમામ યુનિવર્સિટીઓ શૈક્ષણિક સત્ર 2024-25થી પીએચડીમાં પ્રવેશ માટે અલગ પ્રવેશ પરીક્ષાઓને બદલે નેટ સ્કોરનો ઉપયોગ કરશે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ

કમિશનના અધ્યક્ષ એમ. જગદેશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, શૈક્ષણિક સત્ર 2024-25 થી, પીએચડીમાં પ્રવેશ માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓની જગ્યાએ નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ-નેટ સ્કોરનો ઉપયોગ કરી શકાય છે. તેમણે કહ્યું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ અંગે કામ કરી રહી હોવાથી જૂન 2024ના સત્ર માટે NET એપ્લિકેશન પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતી આગામી અઠવાડિયે ઉપલબ્ધ થવાની શક્યતા છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ – ચૂંટણી કામગીરી તાલીમ

આગામી લોકસભાની ચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવા માટે જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરા, મદદનીસ જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ કચ્છ – મોરબી લોકસભા વિસ્તારમાં આવતા રાપર વિધાનસભા મતદાર મંડળમાં મતદાન તથા મતદાન મથકો પર ફરજ બજાવતા કર્મચારીઓની ફરજ તથા નિયમો અંગે રાપર વિધાનસભા મતદાર મંડળના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીના વડપણ હેઠળ રાપર ખાતે મતદાન મથકો પર પોલિંગ ઓફિસર તરીકે ફરજ બજાવનાર 624 જેટલી મહિલા કર્મચારીઓ માટે તાલીમ આપવામાં શિબિર યોજાઈ હતી.

શિબિર દરમિયાન અધિકારીઓ દ્વારા મહિલા કર્મચારીઓને ઈવીએમ મશીન, વીવીપેટ તથા મતદારોની યાદી અને મતદાન થયા બાદ કઈ રીતે નોંધણી કરવીએ અંગે સમજણ અને માહિતી આપવામાં આવી હતી.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

---

## ગુડ ફ્રાઈડે

આજે ખ્રિસ્તી ભાઈ બહેનો ગુડ ફ્રાઇ ડેનું પર્વ ગંભીરતા પૂર્વક  મનાવી રહ્યા છે. આજે ઈસુ ખ્રિસ્તને વધ સ્તંભ પર લટકાવી દેવાયા હતા. તેની સ્મૃતિમાં આ પર્વ મનાવાય છે. એમ કહેવાય છે કે ત્રણ દિવસ પછી ઈસુએ તેમના ભક્તોને દર્શન આપ્યા હતા. તેથી ખ્રિસ્તી ભાઈ બહેનો ઇસ્ટર સન્ડેનું પર્વ ઉમંગભેર ઉજવે છે.

ચં. પદ્દણીભાઈ

---

## ક્રિકેટ

રાજસ્થાન રોયલ્સ ટીમે દિલ્હી કેપિટલ ટીમને 12 રને હરાવી બીજી જીત મેળવી છે. જયપુર ખાતેની મેચમાં રાજસ્થાન ટીમે 5 વિકેટનાં ભોગે 185 રન કર્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 5 વિકેટ ગુમાવી 173 રન કરતા તેને પરાજય ખમવો પડ્યો હતો.

ચં. પદ્દણીભાઈ

---

RNUBHUJ